રાષ્ટ્રીય લગ્ન ગીત સંગ્રહ



આટલો સંદેશો મારા ગાંધીજીને કહેજે
સેવકને દુઃખીયામા રહેજો સંદેશો.
હાચાનું દેવળ અમને લાગે છે કાચું
તેની ભાળવણી અમને દેજો સંદેશો
કાયા પડશે ને ક્યાં જઈ શમાશે
તે ઘર બતલાવી અમને દેજો સંદેશો
પ્રભુનું રૂપ મારી નજરે ન આવે
સેવા સાધન કેના કરીએ સંદેશો.
આભ પડશે ને સુરજ ક્યાં જઇ શમાસે
તેની ભાળવણી અમને દેજો સંદેશો
કાયા પડશે ને જીવ શિવમાં સમાશે
શિવ તે સુરમા સમાશે સંદેશો
અમે તમારા અને તમે અમારા
જન્મો જન્મની પ્રીતિ રહેજો સંદેશો
બેઉ કરજોડી દાસ વલ્લભરામ બોલ્યા
વિહારમાં દર્શન દેજો સંદેશો.

સંગ્રહ કરી છપાવનાર ને વેચનાર,
મણિલાલ મોહનલાલ માતરીયા.
સાહિત્ય-મન્દિર-નડીઆદ.
આવૃત્તિ ત્રીજી પ્રત ૨૦૦૦ સને ૧૯૨૪
શ્રી લક્ષ્મીવિજય પ્રી. પ્રેસ (ધાન્ય) માં દેસાઇ રાયચંદ છગનલાલે
છાપી. નગરશેઠ મારકીટ રતનપોળ-અમદાવાદ.

રાષ્ટ્રીય ગીતો

ચૉરી વખતે ગાવાનું ગીત.

પહેલાં પહેલાં મંગળીયાં વરતાવોરે
પહેલાં મંગળ રેટીઆ વરતાવોરે
બીજાં બીજા મંગળીયાં વરતાવોરે
બીજાં મંગળ પુણીયો વરતાવોરે
ત્રીજાં ત્રીજાં મંગળીયા વરતાવોરે
ત્રીજાં મંગળ ગાંધીજીને બોલાવોરે
ચોથાં ચોથાં મંગળીયાં વરતાવોરે
ચોથાં મંગળ લાલાજીને તેડાવોરે
પાંચમા મંગળ હિંદ દેવીને દેવરાવોરે
છઠા મંગળ શૌકત મહમંદને લખોરે
સાતમા મંગળ હાસમખુંને બોલાવોરે

લેખક–શા. કાન્તીલાલ કાળીદાસ.

પરણુતી વખતે ગાવાનું ગીત.

લાકડાંનો પાટ બેઠા માગે રૂડા રેંટીઆરે
પેલો વૈનવ ક્યાંથી લાવે રૂડા રેંટીઆરે
એનો સુતારી ભાઇ લાગ્યો રૂડા રેંટીઆરે

લાડણો પાટ બેઠા માગે રૂડી તરાકરે
પેલો વેવાઇ ક્યાંથી લાવે રૂડી તરાકરે
એનો લવારી ભાઇ જાગે રૂડી તરાકરે
લાડણો પાટ બેઠો માગે રૂડી પુણીઓરે
પેલો વેવાઇ કયાથી લાવે રૂડી પુણીઓરે
એનો પેજારી ભાઇ જાગે રૂડી પુણીઓરે
લેખક—શા K. K

૩

(લાડણો પાન ચાવે ને રસ ઢોરે રે—એ રાગ)

લાડણો વરી વરી પાછુ જુવે જાણે મારા મહાત્મા સાથે આવે
જાણે રૂડા રે ટીઓ સાથે લાવે
લાડણો પાન ચાવેને રસ ઢોરે લાડણો વરી વરી પાછું જુવે
લાડણો વરી વરી પાછુ જુવે જાણે મારાં કસ્તુરબા સાથે આવે
જાણે રૂડી તરાક સાથે લાવે
લાડણો પાન ચાવેને રસ ઢોરે લાડણો વળી વળી પાછુ જુવે
જાણે મારાં અનસુયા બેન સાથે આવે જાણે રૂડી પુણીયો સાથે લાવે
લાડણો પાન ચાવેને રસ ઢોરે લાડણો વરી વરી પાછુ જુવે
જાણે મારા હાસબ પુ સાથે આવે જાણે મારા વીવાનો રંગ રાખે
લાડણો પાન ચાવેને રસ ઢોરે લાડણો વરી વરી પાછુ જુવે
જાણે મારા શૌકત મહમદ સાથે આવે જાણે રૂડી ખાદીનો રંગ રાખે
લેખક—શા K. K.

૪

સ્વરાજ્યનો ડંકો.

(ગડા રાજાના ડંકા વાગીઆ જાદવરાય જાગો એ રાગ)

સ્વરાજ્ય ડંકા વાગીઆ, સહકારી જાગો
અજાણ્યા ઉંઘમાથી જાગીઆ, ગુલામી ત્યાગો
હીંસાનો મારગ પરહરી, અહીંસક થાઓ
તામસ પ્રકૃતિ ત્યાગીને, શાન્તિમય થાઓ
અનીતી હથીઆર ત્યાગીને, નીતિને ન્યાળો
અન્યાઇ અમલદારી છોડીને, ન્યાયનો પથ ભાળો
અવીવેક અળગી કરી, વીનયને લાવો
ઇચ્છા હોય સ્વરાજ્યની તો, વહેલા આવો

૫

રેંટીઓ રાજા.

ડંકો વાગ્યોને લશ્કર ઉપડ્યું, રેંટીઓ રાજા
આવી છે શાંતીપુરની ફોજરે, ”
તામસને લીધા ચડી ચોટરે, ”
વીવેક અવીવેકને હઠાવીઓ, ”
વીનય વળતી આવીઓ, ”
ક્ષમા ખડક કરમાં ધરી, ”
હિંસક હથીઆર વશ કરી, ”
ધીરજ ઢાલ વગાડીને, ”

અન્યાયી અમલદારી છોડાવીએ, રે ટીડા રાજા
સ્વરાજ આવે સુતરને તાંતણે,
ઇચ્છા ન રહી ખોટા ખેલમા, ”

૬

લગ્નમાં ગાવાનો એકડો.

એકડે એક ગાંધીજીનો રાખો ટેક
મારી બેનો સ્વદેશી ખાદી સર્વ પહેરજો.
બગડે બે બોલો ગાધીજીની જે, મારી
તગડે ત્રણ ગાંધીજીનું રહેશે પણ, મારી.
ચોગડે ચાર ગાધીજી કરે વીચાર, મારી.
પાચડે પાચ ગાંધીજીને નાવે આચ, મારી
છગડે છ ગાંધી કુટુંબની સહ, મારી.
સાતડે સાત મારી પરદેશીને લાત મારી
આઠડે આઠ ગાધીજીનો સાચો ઠાઠ, મારી.
નવડે નવ ગાધીજીની શીખામણ લઉ, મારી.
એકડે મીંડે દશ વીદેશીને કેમ્મે બસ, મારી
એકડે અગીઆર સર્વ બેનો થાવ તઇયાર મારી
એકડે બગડે બાર ગાધીજીનો પોકાર ત્યાગ્યા પરદેશીના વાર,
એકડે તગડે તેર ખાદી પહેરો ઘેરોઘેર, મારી.
એકડે ચોગડે ચઉદ કાઢો વિદેશી નો ચાહ, મારી.
એકડે પાચડે પદર જપો સ્વદેશીનો મંતર મારી.

એકડે છગડે સોળ સરકારનું પોલમ પોલ, મારી
એકડે સાતડે સત્તર ગાંધી દેશનું છત્તર, મારો.
એકડે આઠડે અઢાર કાઢો વિદેશીને બહાર, મારી.
એકડે નવડે ઓગણીસ પરદેશને હેશે જોગણી, મારી
બગડે મીંડે વીસ પડાવી દેશીએ ચીસ, મારી.
મંડપ ઉપર દીવો, ગાંધીજી ઘણું જીવો, મારી.

૭

મંડપ આમંત્રણ ગીત.

બ્હેની લગ્ન મંડપમા પધારજો,
સાથે સાહેલીઓનો સંગ બહેની લગ્ન મંડપમા પધારજો
મારે અમુલખ અવસર બેશરે;
સલુણી સાચી કહું વાત મારે અમુલખ અવસર આવીઓરે
શોભે મંડપ સુર્ય પ્રકાશથીરે;
વળી ચંદ્ર શિતળ ચોપાશથીરે,
જાણે શોભે સ્વરાજ્યથી દેશરે, ગુણવતી સાહેલી પધારજોરે.
બહેની ખાદીની સાડી અંગે પહેરજો,
હાથે કાતેલી વણી આપણા ભાઇઓરે,
એતો અમુલ્ય ને ઉત્તમ બેશ ગુણવતી સાહેલી પધારજોરે.
પહેરી લજ્જા કસુંબલ કાંચળીરે,
ચતુરાઇનો ચણીયો ન વીસરાય, તમ આવે મંડપ શોભશે માયરો
ધરો પટકુલ પ્રેમથી ધર્મનુંરે, સદ્‌ભાવ કીનારી શું મર્મનું;
તમ અંગે જણાયે ન દેશરે, ગુણવતી સાહેલી પધારજો

કર વિનય રૂમાલ ન વીસરોરે તે પણ સુંદર ખાદીનો ધરજો,
ભાલ દયા તિલક સુવાસરે, સાહેલી લગ્ન મંડપમાં પધારજો
રૂડી પતિવ્રતથી ભર્યા દીલડા, રગેરગ પ્રભુ ભક્તિથી ભર્યારે;
માતૃભક્તિ અંતરમા હમેશરે, રસીલી સખી લગ્ન મંડપ પધારજો.
એવા વેશે મંડપમાં પધારશોરે, નિતીનાંગીતથી મંડપ શોભાવશો
નવા પ્રસરો મણિમય દેશરે, સાહેલી મંડપમા વહેલા પધારશો.

પાદરાકર

૮

(રાગ–માલણ ગુથી લાવ ગુણીયલ ગજરો)

સખી ક્યારે ઓઢશો સુંદર ખાદી, હાથે કાંતી વણી હોય જાડી સ
ત્હારો ચણીયો ગુલાબી વાયલનો, ચોળી ફેશનની રંગ છાયલનો,
વળી ત્યાગી દ્યો મોહ ગવાનનો— સખી.
ફસ્યો ફેશને દેશ બીચારો, પરતંત્ર થયો હિન્દ પ્યારો
દશા દેશની સજની વિચારો— સખી
જાય નાશી પવિત્રતા પ્યારી, મર્યાદા લોપાય તમારી
એથી જાડી ખાદી વધુ સારી— સખી.
સાદે વેશ જીવન જો જીવાએ, નારી જન્મ સફળ કહેવાયે;
સેવા દેશની સહજ કરાયે— સખી
તજો મોહ ફેશનની ખુમારી બચશે એથી લક્ષ્મી તમારી,
ધર્મ કુળ વર લજ્જા સંભાળી— સખી
ખાદી વસ્ત્રો અંગે ધારી
શિયળ ધર્મ નીતિને સંભાળો, ખાદીથી થશે દેહ સુધારો–સખી

માતરીયા

———

૯

(મારે સામસામી સુરજ ઉગીયો–એ રાગ)

આજ મારે અમુલખ અવસર આવીયોરે;
લીધા લગ્ન ને બાપુજી આવીયારે
બાપુ અમને હતી ઘણી હોંશરે, ગાંધીજી પાછા પધારીઆરે;
તમ વિણુ ગુજરાત સુનો પડયોરે; બાપુ વિણુ શોક હૈયે ચડયોરે
હવે દર્શન ક્યારે પમાયરે—ગાંધીજી
તમે અમુલખ મંત્રો ફુંકીયારે, નવચેતન દેશને રેલીયારે,
સત્યાગ્રહના જાપ જપાયરે—ગાંધીજી
બાપુ સાચી ફકીરી તમે ધરીરે, સુખ સાહ્યબીને ઠોરે ધરી.
જેથી સાચુ સ્વરાજ્ય પમાય—ગાંધીજી.
લઈ સ્વરાજ્ય વહેલા પધારજોરે, અમ આમંત્રણને સ્વીકારજો
દેજો વરવહુને શુભ આશિષ—ગાંધીજી.
અમે ખાદીના મંડપ રોપીયારે, મુદ્રા લેખ સ્વરાજ્યના રોપીયા
કર્તવ્ય સાચુ ક્યારે કહેવાય—ગાંધીજી.
ફરી રૂતુ વસંત ખીલી રહી, માહા માસની પંચમી ઉજળી,
એવા અવસરે પગલા ક્યાંથી થાય—ગાંધીજી.
કર કુમકુમ કુસુમની માળ ધરી, તમ સુદર્શનને આરોપીએ
આવો મોંઘો અવસર વહી જાય–ગાંધીજી .પાછા ક્યારે આવશો.

માનરીયા

૧૦

લગ્ન આભુષણ.

(માલણુ ગુથી લાવ્ય ગુણીયલ ગજરો—એ રાગ)

આભુષણ લગ્નમાં કેવાં ધરશો,સખી લગ્ને ભારતને વિશારો આ.
દેશ સુતો આળસ સોડય તાણીરે, કાતી કનક કળાનો રીસાણોરે,
આવી પરવ શંતને ગરીબાઇ— આભુષણ
એવે પ્રગટી ઉષા લાવી ગાંધીરે, કુકી શંખ ટાળી ઉપાધીરે;
મહામૈયાઓ પર આશા બાંધી— આભુષણ
તમે પસળ્યાતા વીર કુમારોરે, ભીષ્મ ધર્મ પૃથુ રાજકારો,
વીર માતા છો કેમ વિસારો— આભુષણ
કેમ શોભે કનક અલંકારોરે, ઝીણું વાયલ વીદેશી કેમ ધરો,
દશા દેશની હૈયે વિશારોરે— આભુષણ.
કારાગ્રહમાં વીર હજારોરે, દેશ માટે તજે પ્રાણ પ્યારોરે,
તો દેશ માટે ખાદી અંગ ધારો— આભુષણ
તમ દેશની ગાયો કપાયે, તેની ચરબી વસ્ત્રે લગાવે,
સારા દેશના મન મુંઝાયે— આભુષણ
સાદુ અન્નને ખાદી સારી, સૌ ફેશન નાખજો ટાળી,
સાચા ધર્મને લેજો સંભાળી— આભુષણ

૧૧

ખુશી થઇને ખાદી પહેરો મારી વેવાણોરે
મુકો વિલાયતીનો ચાળો ,,

અડધી નાગી દેખાય જાત મારી વેવાણોરે
તેથી હલકી પડતી નાત ,,
જાળી વિલાતીનો વેશ ,,
જોવા મળશે લંપટ લોક ,,
તમે છો કુળવાનની જાત ,,
લુટાવા હાથે કરીને લાજ ,,
માનો ગાંધીજીનો પાઠ ,,
ખુશી થઇને ખાદી પહેરો ,,

કઠનાલકર

૧૨

વેવાઇ તમે સાજન લઈ ભલે આવ્યારે
આવી અમને ભુંડા વેશે શરમાવ્યારે
ટોપી પહેરી બન્યા ગોકુળની ગોપીરે
વેવાઇ તમે પહેર્યા વિલાયતી જામારે
જામા પહેરી જાંગલાના બન્યા શાળારે
વેવાઈ તમે પહેરી વિલાયતી ધોતીરે
ધોતી પહેરી માતાની કુખ વગોવીરે
વેવાઇ તમે પહેર્યા લેધરના બુટરે
બુટ પહેરી બન્યા સાહેબના પુતરે
વેવાઈ તમે બાળો વિલાયતી વેશરે
ખાદી પહેરી શોભાવો તમારો દેશરે

પ દરાકર

૧૩

(રાગ મેવાડ બર ગાજે—એ ર.ગ)

ખાદી સજોને મારી બેનીઓ, જેથી જાલીમ સરકાર ભાગે,
ફેરવો રેટીઓ ખતથી, જેથી સરકાર ભાગે
જેણે લાજ લીધી લાખોની, જલીયાવાળા બાગે,
તેનો નાશ છે રેટીયો એવું ગાંધીજી ભાખે.
બારીક કપડા લાવીને, જેણે નગ્ન બનાવ્યા,
ગાયની ચરબી ભેળવી, જેણે અંગ અભડાવ્યા
અંતર બગાડયું છે ખાડથી, જેમા હાડકા આવે;
અપવિત્ર બનાવીયા, કયાંથી પવિત્ર થાવો,
સેવીકા બની દેશની દેશ નામ દાપાવો
સીતાયે વનફળ વાવીયા, સતીનું તત્વ જાણી;
વનફળ ખાદી આ સમે, એવા મહાત્માની વાણી,"

૧૪

(ભમરા પહેલો વધાવો મારે આવીઓ)

ભારત આગણે અસહકાર જોને આવીઓ,
પામ્યો આશ્રય ગાધીજીના દરબારરે-ગાધીના ચરણે નમીને સેવો
અસહકારને ૧

જુલમી સત્તાની જડ ઉખાડતો,
જાલીમ જુલમી જોધાને નીચે પાડતો— ,, ૨
દુશમન બંધુક બરછીએ કાટ ચડાવીઓ;
જુલ્મી ધનવાનોનો ઘાટ ઘડાવીઓ—ગાંધી ,, ૩

રાજા રામ તણું તો રાજ સ્થાપીશું,
દાનવ દંડી સાધુને શરણું આપીશું, અસહકારને ૪
સજની ભારત માતાની રાખી લાજ ગાંધી,
પોતે પ્રભુ અસહકારે જોને ઉતર્યા— ,, ૫
સુતા પુત્રો ભારતના જગાડીઆ;
પ્રેમે અહિંસા યુદ્ધ તે હલકારીઆ-ગાંધી. ,, ૬

જો ભ કઠભાલકર.

(રાગ-વીર વારવારી જાઉ, મારા રાજવીઆના હાથી ઝુલે બાગમા)

૧૫

ઉગ્યો સખી ભારત ભુમિનો રવી આજે ગુજરાતમા
ધન ભારત ભુમિ ગુજ તારણ જેના હાથમા-એવા અસ-
હકારી નેતા જીવો હિંદમા ૧
ધન ગાંધીજી તમ જસ ઝળકયો નવ ખંડમા
દુખ હિંદ તણો હરવા હિંમત ધરી પડમાં— ,, ૨
ધન કસ્તુરબા તમ સદગુણ શા સાંભળીએ
પતિ સંગે સાધુ થઇ સ્વાર્થ વિદારીએ— ,, ૩
ધન લાલાજી, શ્રી દાસ પટેલ હકીમજી
વળી મલવીયા નેહરૂ મુર્તીઓ પ્રેમની— ,, ૪
ધન પાર્વતીદેવી શ્રીમતીબેન સરોજની
પુજ્ય આત્માને વાસતિ સરલા શ્રીમતી— ,, ૫
હતા વૈભવ ઈંદ્રભુવન એ સરવે તણા
હતા દાસી દાસ અનેક માડી ઘોડલા— ,, ૬

હતા ભવ્ય મહેલો મુખમલ મશરૂ પાથણું
હતા ધીકતા ધંધા સોના ચાંદી વાસણું— „ ૭
પણ હિંદ તણી ઇજતને જતી બચાવવા
વળી જુલ્મી સત્તાને ઠેકાણે લાવવા— „ ૮
થયા ત્યાગી તે નર નારી હિંદના કારણે
નીજ સુખ વૈભવ વિસારી નીકળ્યા કારણે— „ ૯
ફકીરી લઈ ખાખ અંગે ધરી છે પ્યારથી
જગાયો અહલક હિંદે મંત્ર જ અસહકારથી— „ ૧૦
પ્રભુ હવે કદર કરો એ નેતાઓના ત્યાગની,
પ્રભુ સ્વરાજ્ય દઇ સમાવો ઉપરની લાગણી—„ ૧૧

જો ભ. કઠલાલકર.

૧૫

(રાગ—ભમરા પહેલો વધાવો મારે આવીઓ,)

બેની સ્વરાજ લેવાને ચાલો સાથરે, બાપુ ગાંધીજી આશ્રમ આવીયા
કરતા તપ એ હિંદ માતા માટે, બાપુ ગાંધીજી આશ્રમ આવીયા
પ્રથમ પાઠ શીખવ્યો હમને શાંન્તી તણોરે,
હિંદુ, મુસલમાન એબો તમે સાથ એકતાને કરીને હાથ,
બાપુ ગાંધીજી આશ્રમ આવીઆ.
મન વાણી ક્યાંથી હિંસક ના બનોરે,
શુદ્ધ મત લેજો શુદ્ધ ખાદી સર્વ મુકી વિદેશીનો ગર્વ
બાપુ ગાંધીજી આશ્રમ આવીઆ.

સાચી શીયળતા સાચવવા માટે રાખો રેંટીયો.
છે એમાં હિન્દ તણો ઉદ્ધાર, રીપુનો એ છે કાળ,
બાપુ ગાંધીજી આશ્રમ આવીઆ
દેતા શીખામણો બાપુજી જ્યારે અહીં હતા,
હવે સર્વ લેશો ખાદીનાં સભાળ, ઇશ્વર તમને કરશે સ્હાય,
બાપુ ગાંધીજી આશ્રમ આવીઆ.
બેઠે બેઠા બેઠા બાપુ એવું બોલતા,
તમે માનો નહી દુશ્મનોની રહેમ, ખાદી રાખશે કુશળક્ષેમ
બાપુ ગાંધીજી આશ્રમ આવીઆ

૧૭

હસ્ત મેળાપનું ગીત.

(ભમરાનો વધાવાનો)

સજની રામ સીતા બેને જોડલાં,
થાયે વર વધુ હસ્ત મેળાપરે, સજની.
સુંદર કુંવર કુંવરીની જોડી લાયકી,
સજની હાથમાં હસ્ત ધરી હોય,
વર કન્યાને અંતર પ્રેમરે, શુભવંતી સજની રામ સીતાની
સજની જન્મ જન્મનાં જોડાં જોડીયાં,
સાંધ્યા અંતરથી અંતરના [illegible], રસ [illegible] સજની
સજની [illegible] ન [illegible] હેય [illegible],
ધર્યું અમે સ્વદેશી [illegible] [illegible] સજની.
સજની સેવા સ્વદેશની [illegible]

વળી વસ્ત્ર સ્વદેશી ધરજો રાખી પ્રીત સલુણી સજની.
સજની સ્વદેશ ધર્મ ધોરી પથમાં,
જોડી જીવન રથ નિર્દોષ લડકવાઈ સજની
સજની સંસાર નાવ ચલાવશો,
પામશો ભાગ્યના શણગારરે ઓ શાણી સજની.
એમ હસ્ત મેળાપ થયો રંગથી,
પ્રવર્ત્યા ત્યાંતો જય જયકાર ગુણવતી સજની.

પાદરાકર

૧૮

લગ્નમાં વરકન્યા.

(વર તો ચાલુ ચાલુ કરી રહ્યો)

વરતો ખાદી ખાદી કરી રહ્યો,
વરનો બાપુ ન પહેરવા દે,
વર તો ખાદી વિના ઘોડે નહિ ચઢે
છોકરો—બાપુ વિદેશી વસ્ત્ર અંગે નહિ ધરૂં
વાળ્યું વિદેશીએ સત્યાનાશ બાપુ
બાપ—ભાઈ ઉંચ કુટુંબ કહે આપણું
પહેરે વિદેશી જામા સુરવાલ.
લગ્ને ખાદીરે શોભે નહિ. વર તો
છોકરો—બાપુ ખાનદાની ખાદીમાં બધી.
મુકો વીદેશી વસ્ત્રોમાં આગ વર તો
બાપ—ભાઈ અપશુકન આમ બોલ માં,
કેમ શુકનમા બોલ એવા બોલે વર તો

છોકરો—ગૌહત્યામાં બાપુ શુકન ક્યાં ગણ્યા,
પહેરે વિદેશી લાખો ગૌહત્યાય,
- ખાદી વિનારે ઘોડે નહિ ચડે. વર તો
બાપુ—ભાઇ સાસુ મહેણારે દેશે આપની,
કરશે જ્ઞાતીમાં સૌ ફીટકાર,
લગને ખાદીરે શોભે નહિ,
છોકરો—બાપુ સ્હેવાશે ફીટકારો નાતના,
નહિ સ્હેવાશે પ્રભુ ફીટકાર,
લાવો લગનમા ખાદી સૌ માટે,
સુણી શબ્દો બાપુને સસરો ચેતીઆ,
લાવ્યા શુદ્ધ ખાદીના સૌ વસ્ત્રો,
ખાદી વીનારે લગ્ન ના કરો

પ્રભુદાસ ઠક્કર

૧૯

વરઘોડા વખતે ગવાતુ સ્વદેશી ગીત.

(તુ તો મોકલ વેવાઇ આફરે—એ રાગ.)

તું તો મોકલ વેવાઈ રે ટીડો, મારા દેશનો દાતાર રે ટીડો
સ્વદેશી સંપતી રે ટીડો, સ્વરાજ સાધક રે ટીડો
ફેશનનો બાધક રે ટીડો ગમતો મન રે ટીડો
મારા જુના જમાનાનો રે ટીડો, ગાંધીજીનો ગોતેલ રે ટીડો
વીરનાનો વારસ રે ટીડો, સધવાનો શણગાર રે ટીડો

ખાદીનો ખાવીંદ રેટીડા, સ્વરાજની ચાવી રેટીડા
મારો હિંદનો હીરો રેંટીડા, વરરાજાને વાહો રેટીડા
હું તો મોકલુ વેવાઇ રેંટીડા, મારૂ સ્વદેશી સાજન આવેરે
એને ફેશન તો નહી ફાવેરે, ખાદીની પહેરામણી માગેરે


આવે આવેરે રેંટીડાનો રસીઓ,
સત્યાગ્રહી શુરો, મોહન મન ગમતો,
ગાંધી ગુરૂજીને નમતો, ખાદીને દરવેશે.
ફેશન ફુંકીદેશે ત્યારે કન્યા લેશે, તારી કુંવરીનેખાદી પેરાવે
એતો હિંદનો હીતેચ્છુ કહાવેરે, સ્વદેશનો સેવક આવેરે
તારા મંડપને શોભાવેરે,
એતો ઇચ્છા પુરણ કરશેરે, તારી લાડસ ઘેલીને વરશેરે

કુમકુમ પત્રિકા—

બાપુને આમંત્રણ.

(લખે લંકા થકી સીતા સુન્દરી !—રાગ.)

લખી કંકોતરી પૂરા પ્રેમથી !
મ્હારે અણુલખ લગ્ન પ્રસંગ ! ગાંધીજી પધારજો !
સાથે કસ્તુરબાને લાવજો !
લઈ રામ અને દેવીદાસ ! બાપુજી પધારજો !
ને જો ભુલતા શ્રી ગોપાલદાસને !
એ તો સૌરાષ્ટ્રના શિરદાર ! ગાંધીજી !
મહમ્મદ અને શૌકત સાથમાં !
બી અમ્માંને લાવે નિર્ધાર ! બાપુજી !
રખે વલ્લભ અનુસુયા રહી જશે !
મહાદેવ કલ્યાણ દયાળ ! ગાંધીજી !
વૃદ્ધ અબ્બાસને ન વિસારશો !
સૌ સત્યાગ્રહી સૈન્ય સાથ ! બાપુજી !
અમેં બાઈબલના મંત્રો આરાધશું !
વળી રેંટિયા પુજન સાથ ! બાપુજી !
તમ આવ્યે લગ્ન રૂડા શોભશે !
સાથે આશ્રમનાં બાળગોપાળ ! ગાંધીજી !
બાપુ ! આપતો દેશ ફકીર છો !
આવો અર્પીયે "મણિમય" માળ ! ગાંધીજી !



બ્હેનોનાચરણે !

રાગ—વૈષ્ણવ જનતો તેને કહીએ, જે પીડ પરાઇ જાણેરે ।



ભારત મહીલા તેને કહીએ, દુઃખ આ હિન્દનું જાણેરે;
ફેશન કેરો મોહ તજીને, સુખ સ્વદેશીમા માણેરે. ૧

વિદેશી વસ્ત્રો જ્યારથી વસીઆં, દેશ દશા પરવારીરે,
લક્ષ્મી તમારી રીસાઈ બેઠી, નીર્ધન થયાં નરનારીરે. ૨

વાયલ છાયલ ગવન પહેરી, ઉલમ ગરીબનો ટાળ્યોરે,
ભુખે મરતા હજારો હિન્દી, થયા ઇસાઈ બાળોરે ૩

સાડી પોલકાં ફેન્સી ફ્રાકો, બહેની સત્વર ત્યાગોરે;
શીખ ગાંધીની ઉરમાં ધારી, વસ્ત્ર ખાદીના માગોરે. ૪

કાણું લંગડું કુરૂપ હોયે, બાળ કદી જો તમારૂંરે;
ત્યાગી તેને કેમ કરો નહી, પરન્તુ બાળક પ્યારૂંરે. ૫

ખાદી તમારી ઈજ્જત ઢાંકે, નાણું જાતું બચાવેરે,
રૂડો રેંટીઓ હરી ગુણ ગાતા, સુતર સ્વરાજ્ય અપાવેરે. ૬

સાદું જીવન છે સુખકારી, ભપકાને ના મોહશોરે
રાષ્ટ્રીય શિક્ષણ શીશુને દેશો, ઉત્તમ વખતના ખોશોરે ૭

ભારત જનનાં દુ ખ વિચારી, દેશ દાઝ દીલ લાવોરે;
જન્મ ભૂમિનો જય કરવાને, ઉત્તમ ફર્જ બજાવોરે. ૮

